ISO 9001 : 2000

# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્રમાંકઃ- મફબ/અકડ/યુ-૯/મનપા ઓક્ટ્રોય/ માર્ચ-૨૦૧૨ / ૬૩૬૪ તા. 7 MAR 2012

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૧૫-૦૨-૧૧ના ઠરાવ ક્રમાંક બજટ/૧૦૨૦૧૦/૨૮૯૩/બ

3. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.3-3-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક-બજટ/૧૦૨૦૧૧/૯૨૧/(બ)/પી

## દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ – ૧ના તા.૧૪-૧૧-૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૨ના તા.૧૫-૦૨-૨૦૧૧ના ઠરાવથી નવરચિત ગાંધીનગર મહાનગરપાલિકાનો પણ તેમાં સમાવેશ થયેલ છે. ઓકટ્રોય નાબુદ થતાં ૮ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક ગ્રાંટ તરીકે ચુકવણી કરવા માટે વર્ષ-૨૦૧૧-૧૨માં કુલ રૂા. ૧૮૩૬.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે. રાજયની ગાંધીનગર મહાનગરપાલિકા સિવાયની ૭ મહાનગરપાલિકાઓને માર્ચ-૨૦૧૨ ના માસ માટે કુલ ₹. ૧૫૦/- કરોડની ગ્રાંટ નિયત ટકાવારી મુજબ નીચે દર્શાવેલ રકમ ચુકવવા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૩ ના ઠરાવથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | માર્ચ - ૨૦૧૨ માસ માટે મળવાપાત્ર રકમ ₹. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭,૯૫,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૪૬,૯૫,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૦,૮૯,૫૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૦૮,૩૫,૫૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૦૨,૧૯,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦૨,૨૯,૫૦,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૦૧,૩૬,૫૦,૦૦૦ |
| | કુલઃ | ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ ₹.૧૫૦/- કરોડ (અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા) પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૩ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મૂકેલ વર્ષ ૨૦૧૧-૧૨ ની ગ્રાંટની રકમ ₹.૧૫૦/- કરોડમાંથી ઉધારવાનો રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકાઓ.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) નાયબ સચિવશ્રી (શ.વિ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી (બજેટ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૪) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) કલેકટરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ
(૭) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૮) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ જીલ્લા.
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૧) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ ₹.૧૫૦,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા) ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનરગપાલિકાઓને કરવાની સારૂ.
(૧૨) સીલેકટ ફાઇલ.